SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૭/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા શનિવાર, તા. ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ ડ્રિફ્ટ ફૂડ પાર્ક અને ગેમ ઝોન ખાતે ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વની ઉજવણીમાં SGCCI બિઝનેસ કનેકટના સભ્યો તથા પરિજનો મળીને ૮૩થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. એસબીસીના ચેરમેન ચિરાગ દેસાઈએ સર્વેને ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવી હતી. ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી તથા ગૃપ ચેરમેનો દિપક શેઠવાલા, બિજલ જરીવાલા અને ભાવેશ ટેલરે ધુળેટી પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ધુળેટીના પર્વે SGCCI બિઝનેસ કનેકટના સભ્યોએ એકબીજાને ગુલાલ લગાવીને ધુળેટીનો આનંદ માણ્યો હતો અને નવા ઉમંગના રંગો સાથે રંગાયા હતા. સર્વે સભ્યો ઢોલ નગારાના તાલે ઝૂમ્યા પણ હતા. સભ્યોએ ધુળેટીના વિવિધ ગીતોના નાદ સાથે એક બીજા પર રંગો અને પુષ્પોના છોડ ઉડાડીને ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.